II ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ II

વૈદિક અથરવેદ
બ્રાહ્મણ સતપંથ
ઈતિહાસ

સંપાદક અને સંકલન
શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી
હરીપુરા (નિરોણા), તા. નખત્રાણા(કચ્છ)

॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

વૈદિક અથરવેદ
બ્રાહ્મણ સતપંથ
ઈતિહાસ

ૐ

સંપાદક અને સંકલન
શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી
હરીપુરા (નિરોણા), તા. નખત્રાણા (કચ્છ)

Ratanshi Lalji Halpani is Husband of Daughter of Shivji Kaka (Rudani) the erstwhile Kaka (head) of Pirana, hailing originally from Angiya Nana.


Professor Vishram Rudani of Devpar has relied on this False Book to write an another False book called Vaidik Atharved Satpanth Itihas Ek Jhalak See Book ID [619] and [688] on http://www.realpatidar.com/library

॥ ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં
ભર્गो દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

વૈદિક અથરવેદ
બ્રાહ્મણ સતપંથ
ઈતિહાસ



સંપાદક અને સંકલન
શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી
હરીપુરા (નિરોણા), તા. નખત્રાણા(કચ્છ)



શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી



શ્રીમતિ જસોદાબેન રતનશીભાઈ હળપાણી
(સુપુત્રી : પિરાણા ગાદીપતિ શિવજીકાકા)



સમાજના આદ્યસુધારકશ્રી
નારાયણજી રામજી લીંબાણી
વિરાણી મોટી

નિવેદન....

અખિલ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના પૂજય વડીલો સવંત ૧૫૯૦માં ધર્મ વૈદિક અથર્વવેદ બ્રાહમણ સતપંથ લઈ કચ્છ માં પ્રથમ આવ્યા ત્યારથી આજ દિવસ સુધિનો ઈતિહાસ આજે લખતાં મને આનંદ થાય છે કારણ કે સમય જતાં ગરીબાઈ, અજ્ઞાનતા, અસમજણને લીધે સવંત ૧૫૯૦થી ચાલતા ધર્મમાં ૨૪૦ વર્ષ બાદ સવંત ૧૮૩૨ માં ધર્મ પરિવર્તન થયો તેનો સત્ય ઈતિહાસ પુરાવા સહિત મળ્યો તે મારા વહાલા જ્ઞાતિબંધુ આગળ રજુ કરવાની મને ઈશ્વર કૃપાએ ઈચ્છા થઈ તે પરમાત્માનો હું આભાર માનું છું મારા જ્ઞાતિબંધુ અખિલ કચ્છ કડવા પાટીદારને મારા વંદન સાથે પ્રણામ...

— સંપાદક

ઈતિહાસ....

સવંત ૧૫૦૦ ની આસપાસ ઈરાનથી પારસી લોકોને કનડગત થવાથી તે લોકો દરિયા વાટે ભારતમાં આવવા રવાના થયા. ગુજરાતના સંજાણ બંદરે ઉતર્યા

તે સમયના ત્યાંના રાજાને કહેણ મોકલાવ્યું કે અમોને તમારા રાજયમાં રહેવાની પરવાનગી આપો. વળતાં રાજાએ છલોછલ ભરી એક દુધનો કટોરો ભરી જવાબ આપ્યો કે અમારા રાજયમાં અ સાથે ભળી જઈશું. રાજાએ વિચાર્યું કે આ લોકો લાગે બુદ્ધિશાળી એટલે રહેવાની પરવાનગી આપી અને પારસી લોકો રાજાનો આભાર માની એના રાજયમાં હળીમળી રહેવા લાગ્યા અને વખત જતાં આજુબાજુના શહેરોમાં રહેવા લાગ્યા પણ આજ દિવસ સુધીએ લોકો તરફથી કોઈ તકલીફ નથી પડી તેમ ભારતમાં આઝાદી લેવામાં એ લોકોએ ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે. તે જગ જાહેર છે.

વૈદિક અથર્વવેદી બ્રાહ્મણ સતપંથ સત્ય ઈતિહાસ.....

સવંત ૧૫૨૯માં દિલ્હીના મોગલ બાદશાહે ગુજરાતના સજાણ બંદરની બાજુમાં ચડાઈ કરી અને તેના એક રાજયને ભાંગી નાખ્યું, અને તેના પરિવારજનોને મારી નાખ્યા પરતું દેવયોગે એક સાત વર્ષનો બાળક કયાંક આડો અવળો હોવાથી બચી ગયો તે બાળકનું નામ પ્રતાપસિંહ હતું. એ બાળક એક વૃદ્ધ લેવા પટેલના હાથે આવ્યો. વૃદ્ધને થયું કે મારી આ બાળકને બચાવવાની ફરજ છે. માટે હું તેને સાચવું, તેને પોતાના ઘેર લઈ સમજાવ્યો અને આશ્વાસન આપ્યું કે હવે તું આ આપણા ઘરનો જ સભ્ય છે અને અમારી સાથે જ રહીશ તને હવે તારા પરિવારજનો નહિ મળે અને જો નવાબને જાણ થશે તો તને પણ મારી નાખશે તેથી તું અમારો પુત્ર બનીને રહે તને કોઈપણ જાતની તકલીફ નહી પડે. બાળક પ્રતાપસિંહ બહુ ચતુર અને સમજદાર હતો એટલે પ્રતાપસિંહ સમજી ગયો કે બાપાની વાત સાચી છે એટલે તે પરિવારનો સભ્ય બની રહેવા લાગ્યો.

પરતું સમય જતાં વૃદ્ધ વડીલને સમજાયું કે કોઈ વિઘ્ન સંતોષી કે અન્ય રીતે જો રાજાને આ વાતની જાણ થશે કે રાજવંશનો એક બાળક જીવિત છે મારું અને બાળક બન્નેનું આવી બનશે આ ઊંડો વિચાર કરી આ વૃદ્ધ બાપાએ પ્રતાપસિંહને લઈને સુરતના એક પારસી બહુ દયાળુ કુટુંબ કે જેમની પહેલીથી તેમની પાસે માહિતી હતી તેની પાસે પહોચી ગયા અને બનેલી તમામ બિનાથી માહિતીગાર કર્યા અને પોતાની નૈતિક જવાબદારી સમજી પોતાની પાસે રાખેલ. પણ જો બાદશાહને આ વાતની માહિતી મળે તો મારી અને આ રાજવંશની શી વલે થાય એ ચિંતાએ આ બાળક પ્રતાપસિંહનો જીવ બચાવવાના ઉદેશ્ય સાથે આપની પાસે આવેલ છું. વૃદ્ધ પારસીએ સમગ્ર વાત ધ્યાનથી સાંભળી આશ્વાસન આપતાં કહ્યું કે હવેથી આ બાળકની જવાબદારી મારી. તેની સમગ્ર સંભાળ હું જાતે કરીશ કારણ કે અમારી જ્ઞાતિ પર દરબારોનું ઋણ છે તે હું ઉતારવા માગું છું માટે તમે હવે ચિંતા મુકત બની પ્રેમથી સિધાવો. વુદ્ધ પારસીની વાણીથી બાપાને ટાઢક વળતા પટેલ બાપા ખુશી સાથે પોતાને ઘેર પરત આવ્યા.

હવે આ પારસી વૃદ્ધે આ બાળકનું નામ પ્રતાપસિંહને બદલે ઈરાનશાહ નામ રાખ્યું અને બાળકને કોઈપણ જાતની આંચ ન આવે તે રીતે પાલન પોષણ કરવા લાગ્યા પરિણામે ઈરાનશાહને ટુંકા ગાળામાં જ ફાવી ગયું. તે પારસીના પુત્રો સાથે એકદમ હળી મળી ગયો અને અભ્યાસ પણ પૂર્ણ થયો.

સવંત ૧૫૩૯માં ઈરાનશાહની ૧૭ વર્ષની ઉમરે નર્મદા કિનારાના આશ્રમેથી એક બ્રહ્મચારી વિદ્વાન પારસી પરિવારના ઘેર પધાર્યા. તે વયોવૃદ્ધ પારસીએ આ ઈરાનશાહની હોશિયારી અને ચાતુર્યના અતિ વખાણ કર્યા અને તેમની કુંડલી તપાસી જોવાની આજીજી કરી. ત્યારે બ્રહ્મચારીએ પંડિતોની જેમ ટીપણામાં ગ્રહો ન જોતા આઠ દિવસના સહવાસમાં તેને પારખી તેમને પારસી પાસેથી આ યુવાન ઈરાનશાહને પોતાને શોપી દેવાનું કહ્યું. હું આ યુવાનને મારા આશ્રમમાં જ્ઞાન, વૈદિક અને આર્યુવેદની સંપૂર્ણ શિક્ષા આપીશ. પારસી પરિવારે ઈરાનશાહને બ્રહ્મચારીનું કહ્યું માની સન્માન સાથે વિદાય આપી. નર્મદાના કિનારે આશ્રમમાં વૈદિક પરંપરા મુજબ શિક્ષણ આપવાનું શરૂ થયું. બુદ્ધિશાળી અને ચપળ

ઈરાનશાહને ટૂંકા ગાળામાં સંપૂર્ણ વિદ્યા મેળવી લીધી.

સવંત ૧૫૬૪માં ૪૨ વંર્ષની ઉમરે ઈરાનશાહે આવતા યાત્રાળુઓ તરફથી જાણવા મળ્યું કે અમદાવાદના બાદશાહની પુત્રી(શાહજાદી) બહું જ બિમાર છે મોટા મોટા વેદ્યો પાસે સારવાર લેવા છતા કઈ ફેર ન પડવાની વાત જાણતાં પોતાના ગુરૂ પાસે શાહજાદીની સારવાર કરવાની પરવાનગી માગી. ગુરૂએ સહર્ષ સફળતા મળે એવા શુભ આશિષ આપી જવાની પરવાનગી આપી. ફલ સ્વરૂપ ઈરાનશાહ અમદાવાદ બાદશાહને ત્યાં આવ્યા અને શાહજાદીની સારવાર માટે અનુમતિ માગી અને પોતાનું નામ અને સરનામું આપ્યું.

ડુબતો માણસ તણખલાને પકડે એ રીતે બાદશાહે વધુ એક પ્રયત્ન કરવા ઈરાનશાહને પોતાની પુત્રીની સારવાર માટે અનુમતિ આપી.

અહમદશાની અનુમતિથી ઈરાનશાહએ શાહજાદીની સારવાર શરૂ કરી અને અઠવાડીયામાં ઈરાનશાહની દવા કારગત સાબિત થઈ હોય તેવા અણસારો દેખાવા લાગ્યા પરિણામે વધુ એક મહિનાની

દવા ચાલુ રાખી ફલ સ્વરૂપ શાહજાદીને પચાસ ટકા જેટલો ફાયદો જણાયો. સફળ દવા થવાથી શાહજાદી અને રાજા બન્નેએ ઈરાનશાહને ખૂબ ધન્યવાદ આપ્યા અને સંપૂર્ણ સ્વસ્થ ન થાય ત્યાં સુધી શાહજાદીની સારવાર ચાલુ રાખવા જણાયું અને અઢી મહિનાની સારવાર બાદ શાહજાદી સંપૂર્ણ સ્વસ્થ થઈ ગઈ. હવે ઈરાનશાહને શાહજાદીને સારવારની જરૂર ન જણાંતા રાજા અહંમદાશા પાસે જવાની અનુમતિ માગી. શાહજાદીને નવ જીવન મળતા રાજા અત્યંત ખુશ હતાં તેથી ધન્યવાદ સાથે પુસ્કળ ધન દોલત આપી અને પોતાના રાજયમાં જ આશ્રમ બનાવવા વિનંતી કરી અને આપને જોઈતી તમામ મદદ આ રાજય તરફથી કરવામાં આવેશ. રાજાની આજીજીથી ભાવુક થઈ ઈરાનશાહે પોતાના ગુરૂની અનુમતિ માટે જવા વિનંતી કરી. રાજાએ પુન આવવા આગ્રહ સાથે જવાની રજા આપી.

ઈરાનશાહ શાહજાદીની સારવાર કરી લાંબા સમય પછી ગુરૂ આશ્રમે પધાર્યા અને પોતાની સારવાર દ્વારા શાહજાદી સંપૂર્ણ સ્વસ્થ થયાની સંપૂર્ણ વિગત ગુરૂશ્રીને જણાવતાં ગુરૂને પણ ખૂબ જ આનંદ થયો. રાજા દ્વારા

અર્પણ કરવામાં આવેલ તમામ ભેટ સૌગાદ ગુરૂ ચરણે ધરી અને રાજાની ઈચ્છાની વાત કરી. આપની અનુમતિ હોય તો હું ત્યાં આશ્રમ બનાવી આપની આપેલ વિધા દ્વારા લોકોની સેવા કરૂં. શિષ્યની ગુરૂ પ્રત્યેની નિષ્ઠા અને પ્રજાની સેવાની ભાવનાથી પ્રેરાઈને ગુરૂજીએ વિના સંકોચે ખુશીથી સેવા કરવાની આજ્ઞા આપી.

ગુરૂની અનુમતિ મેળવી સવંત ૧૫૬૪ના ૪૨ વર્ષની ઉમરે ઈરાનશાહ અમદાવાદ આવી બાદશાહની મુલાકાત લીધી અને આશ્રમ ચલાવવા માટેની જમીન, સુરક્ષા માટે સિપાઈઓ, મકાનો, કોટ વગેરેની જરૂરીયાત જણાવી. રાજાએ જમીન પસંદગી માટે ઈરાનશાહ છુટ આપતા ફરતા ફરતા ગીરમથા ટેકરીની જમીન આશ્રમ માટે પસંદ કરી, ટૂંકા ગાળામાં આશ્રમ માટેનું કાર્ય શરૂ કરવામાં આવ્યું અને બે વર્ષના ટૂંકા ગાળામાં બાંધકામ પૂર્ણ થતાં આશ્રમનું નામ ' વૈદિક અથરવેદી બ્રાહ્મણ સતપથ' રાખવામાં આવ્યું. આ આશ્રમની સુરક્ષાની જવાબદારી સૈયદોના શિરે સોપવામાં આવી. આમ આ આશ્રમમાં ધાર્મિક તથા નિદાન માટે લોકો આવવા લાગ્યા. તે દરમ્યાન આશ્રમની જમીનને ખેડવા માટે

આપણાં પૂર્વજો રામાણી પરિવારના સભ્યો ત્યાં સ્થાયી થયા અને સ્થાનિક ધર્મ અપનાવ્યો. જનોઈ ધારણ કરી અને ભાટથી વંશાવલી લખાવવાનું ચાલુ કર્યું. આ પરિવારજનોથી પ્રભાવિત થયેલા અન્ય આપણા પરિવારો પણ ત્યાં આવી વસવાટ કરવા લાગ્યા. પણ રહેવા તથા અન્ય મર્યાદાના કારણે ઈરાનશાહે જૂના આપણા પરિવારજનોને કચ્છ તરફ જવાનું સૂચવ્યું અને જે લોકો ધાર્મિક રીતે પારંગત હતા તેમની કચ્છના દરબાર સાથે વ્યવસ્થા કરી આપવા તૈયારી બતાવી ફલ સ્વરૂપ રામાણી પરિવારના સભ્યો કચ્છ આવવા સહમત થયા અને ગુરૂને ગુરૂદક્ષિણા સ્વરૂપે કઈક આપવાની ઈચ્છા વ્યકત કરી. તેથી રામાણી પરિવારના કોઈ બે બ્રહ્મચારી આશ્રમની સંભાળ માટેની માંગણી ગુરૂ તરફથી થતાં રામાણી પરિવારે પોતાનું સૌભાગ્ય સમજી ૧૦ થી ૧૨ વર્ષના બે બાળકો ઈરાનશાહને સોપી સવંત ૧૫૯૦ના અરસામાં કચ્છમાં આવ્યા. એ વખતે ઈરાનશાહની ઉંમર ૬૮ વર્ષની હતી.

આમ સવંત ૧૫૯૦ માં આપણા પૂર્વજો વૈદિક અથરવેદ બ્રાહ્મણ સતપંથનો ધર્મ લઈ પ્રથમ વખત કચ્છમાં

આવ્યા અને ત્યારબાદ આશ્રમ કે અન્ય જગ્યાએથી બારોબાર કચ્છમાં આવતા રહ્યા અને એક જ વૈદિક ધર્મ અથરવેદી બ્રાહ્મણોથી ધાર્મિક ક્રિયાકાંડ કરાવતા અને જનોઈ ધારણ કરી ભાટથી વંશાવલી લખાવતા હતા.

રામાણી પરિવારના જે બે બ્રહ્મચારી કે ઈરાનશાહ પાસે રહ્યા હતા જયારે તેમની ઉંમર ૨૭ વર્ષના હતા ત્યારે પોતે ૯૫ વર્ષની વય પહોંચતા આશ્રમના સર્વે સેવકો(કાકા)ને બોલાવીને કહ્યું (આશ્રમમાં સેવકોને કાકા તરીકે સંબોધવામાં આવતાં) હવે આપ સર્વેને જણાવું કે હવે મારા જવાનો વખત આવી ગયો છે અને કયારે હું અહીંથી વિદાય થાઉ એ નકિક ન હોતા હવે પછી મારા વારસદાર તરીકે એટલે કે આ આશ્રમના ગાદીપતિ તરિકે હું મગનકાકાને સોપવાનું કહ્યું અને સર્વલોકો આ વાત સાથે સહમત થયા. એકાદ માસમાં જ ઈરાનશાહએ પોતાનો દેહ ત્યાગ કરતાં હવેના ગાદીપતિ તરિકે સવંત ૧૬૧૭માં મગનકાકાની નિમણૂંક કરવામાં આવી અને ત્યારથી ગાદીપતિને કાકા કહેવાનું ચાલું થયું. આ અરસામાં વૈદિક અથરવેદી બ્રાહ્મણ સતપથ સમુદાયના અનુયાયી સ્થાનિક તેમજ કચ્છમાં સારી એવી સંખ્યામાં

થઈ ગયા. આ પ્રવાહ સવંત ૧૮૩૨ સુધી ચાલતો રહ્યો. નવાઈની વાત છે કે આ અરસા દરમ્યાન ૨૪૦ વર્ષના સમયગાળામાં કોઈપણ ઈમામશાહ તરીકેનો ઉલ્લેખ કયાંય પણ જોવા મળતો નથી.

હવે એ અરસામાં એક વલીમીયા તરીકે એક લુચ્ચો અને હરામી સૈયદનો ઉલ્લેખ આવે છે. તેમને કચ્છની મુલાકાત દરમ્યાન કચ્છની અતિ ગરીબ અને અભણ પ્રજા કે જે સતત કાળી મજુરી સિવાય કશુ જ જાણતી ન હોતી, આ ભોળી અને અભણ પ્રજાનો લાભ લઈ ગીરમથા આશ્રમે તે વખતના ગાદીપતિ પ્રાગજી કાકા સાહેબને પ્રલોભન અને લાલચ આપીને વસમાં કર્યા અને સવંત ૧૮૩૨માં તેમને સૌપ્રથમ કચ્છમાં નખત્રાણા મધ્યે લઈ આવ્યો. ૨૪૦ વર્ષ બાદ નખત્રાણા મંદિરમાં ત્રણ પાંચાડાના ગેઢેરાઓને ભેગા કર્યા અને એક લેખ લખવામાં આવ્યો જેનું લખાણ નીચે મુજબ છે.

સવંત ૧૮૩૨ ના લખવામાં આવેલ લેખનું લખાણ નિચે મુજબ છે......

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સેવક લીંબાણી કૂળ

ભુષણ ધર્મવીર પુ. શ્રી નારાયણ રામજીભાઈએ સવંત ૧૯૮૯ ના પિરાણાપોલ ૬૦૦ પેઝના પુસ્તકમાં કરેલા ઉલ્લેખના આધારે પુ. શ્રી નારાયણ શિવજી નાકરાણી તથા પુ. વાલજી જીવરાજ લીંબાણીએ પ્રકાશિત કરેલ પુસ્તક 'કર્તવ્યના પંથે' પાના નં. ૧૪ માં આ લેખનો ઉલ્લેખ કરવામાં આવેલ છે

સવંત ૧૮૩૨ના પોષ વદ ૧૩ના દિને ગામશ્રી નખત્રાણા મધ્યે જ્ઞાતિ પંચ ભેગા થઈ બારોટ ગરીબદાસ તથા ગોરજાતીના દયાશંકર ભગવાનજીને રજા આપી દીધી છે. આજ દિવસ પછીથી હવે બારોટ પાસે વહીવંચો લખાવવો નહી તેમજ દયાશંકર ભગવાનજીના વંશજ અને કોઈપણ બ્રાહ્મણ પાસે શુભ પ્રસંગોએ કર્મકાંડ કરાવવા નહીં અને આ નિર્ણયનો જે અનાદર કરશે તે નાતનો ગુનેગાર ઠરશે. બાવા ઈમામશાહ ધર્મને પાળનાર આપણાં કણબી ભાઈઓ જેણે સવંત ૧૫૯૨ના કારતક સુદ–૨ શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે તે ભાઈઓએ આજ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણ પાસે સુતકકર્મ, મરણક્રિયા અને લગ્ન વિધિ ક્રિયાઓ કરાવી છે પણ હવેથી આપણા ગુરૂ ઈમામશાહના

ધર્મનો ખરો રસ્તો બાવા ઈમામશાહના વંશના સૈયદો તથા હાલ જે પિરાણાની ગાદી પર ટીલાયત કાકા સાહેબ પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજી બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા. ઉપર મુજબનો ઠરાવ ગામના પટેલ આગેવાનો પંચ ભેગા થઈ કર્યો છે તે આપણી આખી નાતને મંજુર છે.

આગેવાનોની યાદી :–

૧.	નેત્રા	: પટેલ લખમણ સુત નારણ નાકરાણી, પટેલ નારણ અબજીઆણી, સામા ભાવાણી
૨.	વિરાણી	: પટેલ માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાચાણી, લધા દિવાણી તથા માના બાથાણી
૩.	વિથોણ	: પટેલ દેવજી ભગત કાનજી ગણેશ, સેંગાણી વાળા, નાયાણી વિશ્રામ સુરાણી
૪.	નખત્રાણા	: પટેલ ભોજા માનાણી, પટેલ સુરા, પટેલ નાયા સેંગા, ગોરાવાલા દેવરાજ તથા કમા સુરાણી

૫. મથલ	:	પટેલ હરભમ પોકાર, મેગા નાનજીઆણી તથા રતના ચોધરી
૬. ઘડાણી	:	કેશરા વિરજી તથા પેથા પોકાર
૭. ખોંભડી	:	પટેલ પાંચા તથા અબજી પોકાર
૮. અંગીઆ	:	પટેલ અબજી મેગા, માના તથા કાનજી પારસીયા
૯. ડજાપર	:	પટેલ મનજી સોમજીયાણી, પટેલ સુરા મુખી, જીવા તથા ભીમા રૈયાણી.
૧૦. દરશડી	:	પટેલ ડુંગર ગોપાલ, લખમણ કરશન, પટેલ પોકાર દેવજી, સેંગાણી ખેતા પુંજાણી તથા હરભમ
૧૧. સરવા	:	પટેલ કેશરા તથા કરશન હરજી પબાણી
૧૨. કરબોઈ	:	પટેલ દેવશી તથા મુળા
૧૩. મગવાણા	:	પટેલ ગોરા ચોપડા તથા કચરા
૧૪. ભડલી	:	ગોરા ઠાકરાણી, માનણ ભોજાણી
૧૫. માનકુવા	:	પટેલ કરમશી સુત ભીમજી ધનજી, રામજી તથા કરશન

નાત સમસ્ત મળી ખાનામાં (ઈમામશાહની ગાદી પુજવાનું પીરાણા ધામનું સ્થાનક) ગામ નખત્રાણામાં બાવાના પાટ આગળ ધુપ દીવો કરી ઈમામશાહના ધર્મના માટે નકકી કરી ગોર દયા શંકર ભગવાનજી તથા ગવરીદાસ સામદાસને રજા દીધી છે. આખી નાત મળીને કહ્યું કે સવંત ૧૫૯૨ના કારતક સુદ–૨ ને શુક્રવારના દિવસે ધર્મ ઈમામશાહનો લીધો છે. તો આજથી ગોર તથા ભાટની ક્રિયાઓ કરાવવી નહી અને આજ દિવસ પછી ગોર તથા ભાટને માનશે તો નાતનો ગુનેગાર બનશે બાવા ઈમામશાહના ધર્મથી નાતબાર ઠરશે અને નાત બહાર રહેવું પડશે. આજ સવંત ૧૮૩૨ પોષ વદ ૧૩ ના દિવસે ગોર તથા ભાટને રજા આપી દીધી છે. તે ગામશ્રી નખત્રાણાના ખાનામાં બાવાના પાટ આગળ ધુપ કરીને આખી નાત મળીને લખત કીધું છે. અને કાકા પ્રાગજી તથા બાવા ઈમામશાહના વંશ પરંમપરા કબુલ મંજુર છે.

આ લખતનો મસુદો ગામ વિરાણીના કણબી માંડણ અખીઆણી તથા વિરજી વેલાણી પાસે છે. આ નાત સમસ્ત મળી પહોર દિવસ ચઢે કર્યો છે.

ઉપર મુજબનું વાંચન કર્યું એટલે ચાર ગામના વડીલ

આગેવાન ઉભા થઈ ગયા તે ગામ (૧) અંગીઆ, (૨) રવાપર, (૩) ઘડાણી, (૪) નેત્રાના વડીલો કહે આપણા પૂર્વજો મોગલોના વખતમાં જનોઈ તથા ધર્મ અથરવેદી બ્રાહ્મણ સતપંથ પાળી ગયા તો હવે તો આપણા દરબારોના રાજમાં છીએ. અમારાથી આ ધર્મ નહી મુકાય. તે લોકોએ સહ જનોઈએ એ વખત આવે સ્વામિનારાયણ સંપ્રદાયનો આશરો લીધો અને આપણે આખી નાતે જનોઈઓ ઉતારીને પિરાણે રાખી આજ દિવસ સુધી આજ જનોઈઓને ધુપદિપ મોજુદ થાય છે.

વલીમિયા નામનો સૈયદ કે જે ખૂબજ ધુતારો અને છલકપટી હતો તેમણે અનેક જુઠાણા રચી, ખોટી રીતે પ્રજાને છેતરી માણસોને જાળમાં ફસાવ્યા તેમાનું એક તે સવંત ૧૫૯૦માં બાવાએ ગીરમથાં તળાવમાં પડાવ નાખ્યો અને વેલ છોડી અને બળદ માટે ગામમાં ખેડૂત પાસે ચાર માંગવા મોકલ્યા તો લોકો કહે સાત સાત દુષ્કાળ પડયા હોવાથી ચાર કયાંથી હોય, ચાર જોઈએ તો વરસાદ વરસાવો તો મળે તેજ રાત્રે બાવાએ વરસાદ વરસાવ્યો અને તળાવમાં બાવાનો રત હતો તે સવારમાં તરતો લોકોએ જોયો. એટલે લોકોને નવાઈ લાગી કે આવુ કેમ

એ વખતે ઘણા બધા કાશી યાત્રાએ જતા હતા તે બધા બાવાને પગે પડયા અને નજીકના એક વિકરાળ જંગલ હતો તેમાં એક સિંહ ચોકી કરતો હતો. આ કુંવારકા જમીનમાં કોઈ અવતારી પુરુષ આવશે તેજ રહી શકશે અને આ સિંહનો જે જમણો કાન બાણથી વિંધશે તે રહી શકશે બીજા કોઈને આ સિંહ આવવા જ ન દેતો એટલે બાવાએ બાણ ચડાવીને સિંહનો જમણો કાન વિંધી નાખ્યો એટલે સિંહ સીધો આવીને બાવાને પગે પડી આળોટીને અદૃશ્ય થઈ ગયો. એટલે આ લોકો એ આ ચમત્કાર જોઈને આભા બની ગયા અને કાશીના યાત્રિકોએ કાશી જવા ન દેતા ત્યાં જ કાશીના દર્શન કરાવ્યા એટલે બાવાએ લોકોને આ સતપંથ ધર્મ દીધો. લોકોએ બાવાનો સતપંથ ધર્મ સ્વીકારી લીધો. આવા અનેક ગપગોળા વલીમીયાએ ચોપડામાં લખી અજ્ઞાન લોકોને ફસાવ્યા.

૧૮૩૨ પહેલા ઈરાનશાહે આપેલ ધર્મ વૈદિક અથરવેદ બ્રાહ્મણ સતપથ ચાલુ હતો ત્યારે ૧૬૧૭ સોળસો સતરમાં મગનકાકાને ગાદી મળી ત્યારથી ગાદી પતિ કાકા સાહેબ કહેવાયા, જો આ ધર્મ ઈમામશાહે સ્થાપ્યો હોત તો મુજાવર કહેવાત અને કોઈ સંપ્રદાય હોય

તો મહંત કહેવાય પણ આ તો ઈરાનશાહ બ્રહ્મચારીએ સ્થાપ્યો હોવાથી પારસી હોવાને કારણે પારસીમાં ચાકરને કાકા તરીકે સંબોધતા હોવાથી કાકા શબ્દ પ્રચલિત થયો. અગાઉ ઉલ્લેખ થઈ ગયા મુજબ ઈરાનશાહના અંત સમયે પોતાના આશ્રમના ગાદીપતિ તરિકે મગનકાકાને સોપવાનું કહ્યું ત્યારથી અહિ ગાદી પતિ તરીકે કાકા શબ્દ અમલમાં આવ્યો. ઈરાનશાહની હયાતીમાં તમામ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ જેવીકે બ્રહ્માનો પાટ, ઘીની અખંડ જયોત, જનોઈ, બ્રાહ્મણિક ક્રિયાઓ અને ભાટ પાસે વંશાવલી લખાવતાં તે છેક ૧૮૩૨ સુધી ચાલ્યું પણ ત્યારબાદના સમયગાળામાં વલીમીયા અને પ્રાગજીકાકાએ આખી જ્ઞાતિને આંખે ઉધા પાટા બાંધી અજ્ઞાન અને ગરીબીનો લાભ લઈ છેતરી અને વેદિક અથર વેદ બ્રાહ્મણ સતપથથી વિચલીત કરી મહમદીયા અથરવેદ ધારણ કરાવ્યો ત્યાર પછી વલીમીયાએ પૂજાવિધીમાં સહગો પાત્ર ઈમામશાહ નરઅલી મામદશાહ અને કલમા તથા સૈયદોના નામો ગુસાડી પૂજા વિધીની ચોપડીઓ આપી અજ્ઞાન અભણ લોકોએ અપનાવી લીધી તે છેક આચાર–વિચાર અને વાણી

વર્તનમાં અર્ધ દગ્ધ ખીચડીઆ કબ્રસ્તાની પીરાણા સતપંથના કલમાં અને દુહાઓના ઉપયોગ થવા લાગ્યો. આપણી ધાર્મિક ક્રિયાઓ પણ પિરાણા સતપંથ ધર્મના મત પ્રમાણે તેના મુંજાવરોના હાથે ખાનાઓમાં કરાવવા માંડયા. સતપંથ ધર્મની દુઆઓ તથા કલમાંઓ પડાવીને લગ્ન થવા લાગ્યા અને મૃત્યું વખતેદહેને એજ પંથના કલમાઓ તથા દુહાઓ પડીને દફનાવવાનું શરૂ કરાવ્યુ એટલું જ નહિ પણ કણબી જ્ઞાતિનું નાત જાત કે ધર્મનું કશું ઠેકાણું ન રહે એટલા માટે બ્રાહ્મણ ગોર અને વહીવંચાવાળા ભાટને પણ કાઢી નખાવ્યા. આ પ્રમાણેનો પાકી વ્યવસ્થા કરી ઠરાવ કરી પંદર ગામોના આગેવાનોની સહીઓ કરાવી ખાનામાં ઈમામશાહ બાવાના પાટ આગળ પ્રતિજ્ઞાઓ લેવડાવી કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિને કબ્રસ્તાનના રસ્તે ચડાવી દીધી પણ ગામશ્રી નેત્રાના કેશરા મુખી તથા તેના સોબતી ચાર જણાએ આ વાતનું કાંઈક ભાન થયું અને કરેલા ઠરાવ પ્રમાણે વરતવાથી ભવિષ્યમાં ઉભી થનાર ગંભીર સ્થિતીના કારણે આ વાતનો અસ્વિકાર કર્યો. ચોરી અને ચે જેવા હિન્દુપણાના સંસ્કાર, લગ્નવિધી સંસ્કાર,

બ્રાહ્મણનું ગોરપદ ત્યાગી અને સૈયદોને સ્થાન આ બધું જાતિ પરિવર્તનના ભણકારથી ચેતીને નેત્રા, અંગીઆ નાના, રવાપર અને ઘડાણીના આ ચારે મરદોએ સાફ સાફ કહ્યું કે અમારાથી વૈદિક અથર વેદ બ્રાહ્મણ ધર્મ નહી મુકાય એટલે સૈયદોએ તેમને હેરાન પરેશાન કરવા કઈ પણ બાકી ન રાખ્યું છતાં આ પીડાઓ સહન કરવા છતાં તેઓએ સમય આવતા સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાણા. જયારે આપણી જ્ઞાતિએ જનોઈ ઉતારી અને પીરાણા મુકી દીધી જેનોઆજ પણ ધુપદિપ થાય છે. અને ૧૮૩૨ પહેલાનું જે સાહિત્ય હતું તે પીરાણા એક ડેલામાં ભરી મુકયા અને આથી જ્ઞાતિના કહેવાતા આગેવાનોએ પોતાના ભોળા અને ધર્માંધ જાતી ભાઈઓ પર ખૂબ સંકજો રાખ્યો કે તેઓ પુનઃ છટકીન જાય. આવા શખત પ્રતિબંધોના પરિણામેગુજરાતમાંથી દેશવટે આવેલા આ કણબી વિભાગે કડવા પાટીદાર નામને પણ તિલાંજલી આપીને મુમના કહેવડાવ્યાની શરૂઆત કરી દીધી. આ વસ્તું સ્થિતીએ ધીરે ધીરે એવું ગંભીર સ્વરૂપ ધારણ કર્યું કે જ્ઞાતિમાં પટેલાઈ કે ગેઢેરાપણું કરનારાઓનો શબ્દ એ જ કાયદો. તેમનો હુકમ એનુ નામ જ ન્યાય.

એમની સામે કોઈપણ દલીલ કરે તો તેનું નામે મોટો ગુનો અને તે ગુનાની સજા એકલા દલીલ કરનારને ન થાય પરંતુ આખા પરિવારને કરવામાં આવતી તેનું પરિણામ આ લેખ લખાનારના માતા પિતાને ભોગવું પડયું અને તેનો એકજ પુત્ર મા–બાપ વિહોણો નિરાધાર દાદીમાએ ઉછેરી મોટો કર્યો તેનો વિસ્તારથી ઉલ્લેખ આગળ કરવામાં આવશે.

એક વખત પિરાણાના ધર્મને ટકાવી રાખવાવાળા જેને કમિટી કહેવાય છે તે યુવા વર્ગ હતો તેને એવો ખ્યાલ આવ્યો કે જરા ધર્મમાં ડખલ થાય છે એટલે કાંઈક હશે. જૂના પુસ્તકો મળે તો અભ્યાસ કરીએ આ વાત મારી પાસે સાબરકાંઠાના અમરગઢ કંપાના વડીલશ્રી પુ. પ્રેમજી વાલજી કે જેઓ અત્યારે હયાત છે તેમને મને ઈ. સ. ૧૯૭૭ ના માગસર માસમાં કહ્યું જે નિચે મુજબ છે.

નખત્રાણા મધ્યે ૧૯૭૭ ના તાલુકાના ખેડૂત દ્વારા કોટન જીનિંગ પ્રેસીંગ એન્ડ સેલ સોસાયટી રચવામાં આવી. તેમાં મને પ્રમુખ સ્થાન આપ્યું અને ખેડૂતના

કપાસની ગાંસડી બંધાવીએ અમદાવાદ કોટન કોર્પોરેશન માર્કેટમાં વેચવાની આ ગાંસડીના સેમ્પલ માર્કેટ યાર્ડ અમદાવાદ લઈ જવાનું કામ મને અને નાગલપરના મોહનભાઈ શિવજીને સોંપવામાં આવ્યું એટલે મારે અમદાવાદમાં સતપંથ ભાઈઓની સમાજવાડી મંગલપાર્ક છે ત્યાં હું ઉતરતો અને ૧૦ થી ૧૫ દિવસ સુધી રોકાતો. સને ૧૯૭૮ના માગસર માસમાં હું ૨ વાગ્યે માર્કેટ યાર્ડથી સમાજવાડીએ આવ્યો ત્યાં હોલમાં એક બાપા સુતા હતા. હું પણ જબો ઉતારીને બાજુમાં બેચ ઉપર તકીઓ હતો ત્યાં આરામ કરવા લાગ્યો. થોડીવાર બાદ બાપા જાગતા મેં બાપાને પુછ્યું કે 'બાપા કયા કંપેથી આવો છો ?' બાપા મને ઓળખતા હોવાથી મને કહ્યું કે કોણ રતનશીભાઈ એટલે હું બાપાની પથારી પાસે નજીક ગયો અને તેમની સામે બેસી ગયો. બાપા ઉભા થયા અને એક ગાંસડી અને થેલી કબાટમાંથી કાઢી મારી સામે મૂકી. આ ગાંસડીમાં પુસ્તક છે અને મારાજે કહ્યું કે છોકરાઓને વંચાવજો. આમ તેને એક પુસ્તક થેલીમાંથી કાઢી મને આપ્યું. તે પુસ્તક તો ઋગ્વેદનું હતું. મજબૂત પુઠા પણ અંદર પાના એટલા જૂના કે ઉથલાવીએ તો

ટુટી પડવાની બીક લાગી છતા પુસ્તક ખોલતાં અંદર માત્ર વેદના મંત્રો, કોઈ ભાષાંતર નહિ. ત્યાં તો બીજુ પુસ્તક યજુર્વવેદ, ત્રીજુ સામવેદ આમ આ દરેક પુસ્તક લગભગ ૨૦૦ વર્ષ જૂના અને માત્ર મંત્રો જ ભાષાંતર વગરના. જયારે પ્રેમજીબાપાએ કહ્યું કે આ પુસ્તકો મને પિરાણેથી મળ્યા છે આ વેદો સવંત ૧૫૯૦ થી ૧૮૩૨ સુધી જે આપણા પૂજય વડીલો જે ધર્મના અનુયાયી હતાં તે છે તે જાણતાં જ મારા આત્મામાં પ્રકાશ થયો અને હું ગદગદ થઈ ગયો કે મારા પૂજય વડીલો જે વેદને માનતા હતા તે મારા જેવા એક સાધારણ માણસના હાથમાં.

આ ગ્રંથ મારા હાથમાં આવતા હું મનોમન પુ. પ્રેમજીબાપાનો ઉપકાર માનવા લાગ્યો અતિ ખુશી સાથે કઈક તથ્ય બહાર આવશે એ આશાએ મેં બાપાને તમે મને છેતરો છો એમ કહેતાં બાપાને બહુજ ખોટું લાગ્યું હોય તેમ એકદમ દીલગીર થઈ ગયા. બાપાના ભાવ જોતા મને લાગ્યું કે બાપાને દુઃખ થયું છે તેથી ખુલાસો કરતાં કહ્યું કે આપણા ભારત પર ૧૬૦૦ની સાલથી મુશ્લિમ બાદશાહોના શાસન હતા. તેમની જુલ્મોથી પ્રજા તો ત્રાહીમામ તો હતી જ પણ તેમને આપણા એક પણ

મંદિરો પણ રહેવા ન દીધા હતા તો આપણો સાહિત્ય વારસો પણ જે તેમના હાથમાં આવ્યો તેમને નષ્ટપ્રાય કરી નાખ્યો અને આપણા પંડિતો અને ધર્મના અનુયાયીઓને પરાણે મુશ્લિમ ધર્મ અંગિકારની ફરજ પાડતા આવા સમયમાં આ ગ્રંથો પિરાણામાં કયાંથી હોય ? કટ્ટર અને જનુની સૈયદોના કબજાની જગ્યામાં આ વેદો સલામત રહેવા એ કલ્પના બહાની વાત લાગતા મારાથી કહેવાઈ ગયું હોવાથી આપ મને માફ કરશો.. એવી મને આશા છે. મારી વાત વ્યવહારું લાગતા પ્રેમજીબાપાએ વાત આગળ વધારીને કહ્યું કે વેદ કેમ મળ્યા તે તને કહું તો અત્યારે કમિટીમાં વકીલ ડોકટર જેવો સુશિક્ષિત વર્ગ છે એમને વિચાર આવ્યો કે ધર્મમાં થોડા ડખા છે તો કાંઈક તો હશે એટલે જૂના પુસ્તકો મળે તો અભ્યાસ કરીએ. આમ ભણેલા બે યુવાનોને કાકા સાહેબ પાસે મોકલ્યા અને કહ્યું કે જૂના પુસ્તક હોય તો બતાવો તો કમિટીને અભ્યાસ કરવો છે. તે વખતે શિવજીકાકા ગાદિપતિ હોવાથી તેમણે કબાટ બતાવ્યો અને કહ્યું આ કબાટમાં પુસ્તકોથી ભરેલ છે તમોને જાઈતા પુસ્તકો લઈ જાઓ પણ તે કબાટમાં જે પુસ્તક સભ્યને ન

ગમતા તેમને બીજા પુસ્તકોની વાત કરતાં તેમને કહ્યું કે બીજા પુસ્તકોની તો મને પણ ખબર નથી પણ એક ડેલાની ચાવી મારી પાસે ૧૭ વર્ષ થયા પડી છે તેમાં શું છે તે મને પણ ખબર નથી તો આ ચાવી લઈ જાઓ અને અંદર શું છે તે જુઓ. આમ કમિટીએ ભણેલા ૪ જણને ચાવી આપીને મુકયા, દરવાજો ખોલીને જુએ છે તો આખો રૂમ પુસ્તકોથી ભરેલો. પણ આ પુસ્તકમાં તેમને ગડ બેસે તેવું કઈ ન લાગ્યું કારણ કે આ પુસ્તકો તો ૧૫૯૦ થી ૧૮૩૨ દરમ્યાન અથર વેદ બ્રાહ્મણ સતપંથ પાળતા તે વેદ–ઉપનિષદને લગતા હતાં. આમ કમિટીએ તપાસ કરતા જાણવા મળ્યું કે હજી તો અડધા જ પુસ્તક જોવાયેલ છે તો હવે પછી બીજી મીટીંગ વખતે વિચારીશું. બીજી કમિટીની મીટીંગનો સમય આવતા પુસ્તકના ડેલામાં ભણેલ યુવોને મોકલતા સૌથી છેલ્લે એક ખૂણામાંથી આ ચાર વેદ મળ્યા. આ વેદો કમિટી પાસે લઈ જવાયા પણ માત્ર મંત્રોના કારણે કોઈને કઈ પણ સમજણ ન પડે એટલે સર્વાનુમતે અથરવેદના મંત્રોનું ભાષાંતર ગુજરાતી ભાષામાં કરાવવાનો ઠરાવ કરવામાં આવ્યો. આ અથરવેદના ભાષાંતર માટે મારા સહિત ચાર કંપાના

અલગ અલગ વડીલોને બોલાવી અમને ચાર બ્રાહ્મણના નામો આપવામાં આવ્યા અને તેમની પાસે જઈ વેદ બતાવી તેમના ભાષાંતર માટે વિનંતી કરી. આ વેદના પુસ્તકો જોઈ મારાજ પણ આશ્ચર્યમાં પડી ગયા કે આતો અતિ પ્રાચિન વેદો છે.

હવે મારાજ અમારે આ ગ્રંથના ભાષાંતર માટે તમારી પાસે આવ્યા છીએ અને અપેક્ષા છે કે આપ તે પૂરી કરશો ત્યારે મારાજે હકારમાં માથુ હલાવી હા પાડતા અમને હાશ કારો થયો પણ અમારા આ વેદના અનુવાદનું અંદાજીત ખર્ચ કેટલું થાય તે જણાવો. આ એક ગ્રંથના અનુવાદની કિંમત અંદાજીત રૂા. ૭૫૦૦૦/– જેવા થાય. આ રકમ સાંભળતા તો અમે હેબતાઈ ગયા. આટલી મોટી રકમ જો ચુકવવામાં આવે તો સહેજે ખોટી ચર્ચાનો વિષય બને છતાં મારાજને સમજાવ્યા કે આતો સમાજનું કામ છે તો કઈ વ્યવહારૂં કરી આપો. અમે ચારે નિર્ણય લઈ મને ક મને ગ્રંથ મારાજને સોપ્યો. હવે સમયની વાત આવતાં લગભગ ચારથી પાંચ વર્ષનો સમય લાગશે અને પુર્ણ થયેથી આપને જાણ કરવાનું નકકી થયેલ. આમ અમે અથર વેદ મારાજને સોપી બાકીના ત્રણ વેદ હું

પિરાણા પાછા આપવા ગયો અને ત્રણ વડીલો પોતાના કંપે પરત ગયા. પ્રેમજી બાપાના સ્વમુખે આ સાંભળી હું તો ભાવવિભોર થઈ ગયો. મારા આનંદનો પાર ન રહ્યો.

વાત આગળ વધારતા પ્રેમજીબાપાએ કહ્યું કે સન ૧૯૮૩માં અથરવેદનું ભાષાંતર મળતાં તેમને પ્રકાશિત કરવાનું નકકી થતા તેને બે ભાગમાં પ્રકાશિત કરવાનું ખર્ચ રૂા. ૬ લાખ થયેલ તે ખર્ચમાં તે વખતની [redacted] સોલંકીની સરકારનો સહયોગ સાપડેલ. આમ ધીરે ધીરે બીજા જૂના પુસ્તકોનો અભ્યાસ પણ કરવામાં આવ્યો અને છપાવવામાં આવ્યા તે સમય દરમ્યાન ગાદીપતિ શિવજી કાકાનો દેહ વિલય થયો અને નવા ગાદીપતિ તરીકે કરશન કાકા બિરાજમાન થયા. આમ સમગ્ર જૂના પુસ્તકોના અભ્યાસના તારણે વિષય વસ્તુની વાસ્તવિક માહિતી નઝર સમક્ષ આવતાં ક્રમે ક્રમે પરિવર્તનનો દોર ચાલું થયો. અને ધીરે ધીરે પુજાવિધી, પુસ્તકમાં આવતા કલમાં, અને તેને સુસંગત શબ્દો વગેરેમાં ધરમૂળથી પરિવર્તન થયું.

સને ૧૯૯૫ના કરશન કાકા દ્વારા પિરાણા મધ્યે મોટુ સંત સંમેલન બોલાવવામાં આવેલ. જેમાં

ભારતભરના મોટામોટા મઠાધિસો અને સંતો પધારવાના હતા. આ સમયે ચુસ્ત મામદીયા અથરવેદીને ન ગમતાં દિલ્લીના જુમા મસ્જિદના બુખારી સાહેબની મુલાકાત લઈ અને સરકાર પાસે ફરિયાદ કરાવી કે જો આ સંમેલન કરવામાં આવશે તો અયોધ્યા કાંડ થશે એવી ભીતી બતાવી પરિણામે સ્ટે માટેની પેરવી કરતા સ્થાને સ્ટે લાગતાં પ્રસંગના બે દિવસ અગાઉ મિલટરી આવી ગઈ. સમંલેન માટેની તમામ તૈયારીઓ થઈ ગયેલ પણ બધુજ જે સે થેની અવસ્થામાં જ રહી ગયું. આવડા મોટા સમારોહમાં આ અચાનક વિઘ્ન આવતાં સૌ મુજવણમાં મુકાઈ ગયા, લગભગ દેશના સૌ મઠાધિશો [redacted] આવવા માટે નિકળી ગયેલ આવા સમયે આ વિદ્વાનોને કઈ રીતે સાચવવા એ પણ મુજવણ હતી તેવા સમયે સ્વામિનારાયણના સંતોએ આ મઠાધિસોને સાચવવાની જવાબદારી પોતાન શિરે લેતા બાકીની સ્ટે સમસ્યા માટે સૌ વિચારાધિન થયા. સ્ટે તો પિરાણા માટે હોતા ત્યાંથી ૪ કિલોમીટરના અંતરે રાતોરાત અમદાવાદ રોડ પર જમીન લેવલ કરી યુદ્ધના ધોરણ રાત દિવસ સતત મથી સ્ટેજ તેમજ સભાખંડો જાત મહેનતથી બનાવ્યા.

તા. ૫ ના સવારમાં વારી યજ્ઞ કાકા સાહેબે કર્યો. પ્રથમ ગાયત્રી મંત્રથી મંગલ કાર્યની શરૂઆત થઈ . યજ્ઞ કાર્ય પૂર્ણ થતાં સમગ્ર શ્રોતાજનો સભામાં ગોઠવાઈ ગયા. કાકાશ્રીએ પોતાના પ્રાંસંગિક પ્રવચનમાં ભારતભરમાંથી પધારેલા સૌ સંત–મહાતમામઓનો આભાર માની અને ભૂતકાળમાં જે ધર્મ ભૂલ્યા તેના પ્રત્યે ખેદ પ્રગટ કરી હવે આ ભૂલને સુધારવા માટે પ્રયત્નશિલ રહેશું તેંવી ખાત્રી આપી. આ સભાનું સંચાલન કરતા અવિચલદાસજીએ કાકા સાહેબ દ્વારા સુધારાની વાતને વિના સંકોચે સ્વીકારી તેમને સ્વીકારવા આહવાન કર્યું.

સને ૧૯૯૫ માં બીજુ સંત સંમેલન ઘાટકોપર મધ્યે કરવામાં આવ્યું. અને ત્રિજુ સંમેલન નખત્રાણા મધ્યે યોજાયું અને તેમાં પણ ભારતભરના મઠાધિસો પધારેલા અને તેમને કરશનકાકાના આ કાર્યથી પ્રભાવિત થઈ શંકચાચાર્યોઆ અને ભગવાધારીઓએ કરશનકાકાને દાસની ઉપમા આપી.

શિવજીકાકાની હયાતીમાં શરૂ થયેલ પરિવર્તનની પ્રક્રિયામાં કરશનકાકાએ અતિ વેગ આપ્યો. અને ધીરે

ધીરે આમૂલ પરિવર્તન થવા લાગ્યું પણ કુદરતની ગત ન્યારી છે તેમ કરશનકાકા પણ અકાળે દેવલોક પામ્યા પરિણામે થોડો બ્રેક લાગ્યો છતા કરશન કાકા દ્વારા ઘણા જ સુધારા કરવામાં આવ્યા.

૨૫૦ વર્ષ પહેલા ભરમાવી વલીમીયા દ્વારા ખોટી મનગડત પરચા દ્વારા ઈરાનશાહને બદલે ઈમામશાહ, વરસાદ વરસાવવો, તળાવમાં તરત રથના દર્શન, યાત્રિકોને કાશીના દર્શન, વિકરાળ સિંહના જમણા કાનનો વિછેદ અને સિંહનુ ઈમામશાહના પગમાં આળોટી અદૃશ્ય થવું વગેરે વગેરે... પણ ૧૯૭૮ પછી જે પરિવર્તનની શરૂઆત થઈ છતા આજે પણ કેટલાક લોકો જૂનાને વળગી રહ્યા છે તેમને નંમ્ર વિનંતી કે આપણે કડવા પાટીદારો સૌ એક ધર્મિ થઈ એક તાંતણે બંધાઈએ.

આપણા ધર્મને સુસંગત પુરાવા નિચે પ્રમાણે છે :

૧. અખંડ ઘીની જયોત સવંત ૧૫૯૦ થી
૨. પાટ તો બ્રહ્માનો હોય ઈમામશાહ હોય તો બ્રહ્માનો પાટ ન હોય.
૩. ગાદિપતિ તરીકે કાકા શબ્દ પ્રચલિત છે જે

ઈમામશાહ હોય તો મુજાવર કહેવાય. આ શબ્દ ૧૬૧૭માં અમલમાં આવ્યો.

૪. જનોઈ ધારણ

૫. બ્રાહ્મણથી ક્રિયા અને ભાટથી વંસાવલી લખાવવી.

૬. અંતિમ સંસ્કારમાં ચેહ (અંગ્નિ સંસ્કાર) અને લગ્નમાં ચોરીવિધીની ક્રિયા.

૭. અથરવેદ આધારિત જીવન પ્રણાલી એટલે ૧૯૭૮માં મળેલ વેદને પ્રમાણમાનીને

૮. પુરાવો સવંત ૧૮૩૨માં ધર્મ પરિવર્તન કર્યું ત્યારે ૪ ગામના વડીલોની ઉપસ્થિતી

૧. અંગિઆ નાના ૨. રવાપરના ૩. ઘડાણી નેત્રાના વડીલો સમાજ (નાત)માંથી નિકળી સમય જતાં સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો, સમય જતાં ત્યાં સ્વામિનારાયણ મંદિરોનું નિર્માણ થયું જે આજે પણ મોજુદ છે. જેનેત્રાના વડીલ કેશરા પરમેશ્વરાના ઉપનામથી ઓળખાય છે તેની છબી આજે પણ સમાજના સભા ખંડમાં મોજુદ છે. તેના જીવન ચરિત્ર પુસ્તકમાં ઉલ્લેખ છે કે અમો મોટી નાતમાંથી સને ૧૮૩૨માં ધર્મ

પરિવર્તન થવાથી જુદા પડયા છીએ.

૯. આપણી આખી નાતની જનોઈઓ તે વખતે ઉતારી પિરાણા પહોચતી કરવામાં આવી જેનું આજે પણ પૂજન થાય છે. જે સૌથી મોટો પુરાવો છે.

ખેર ભૂતકાળમાં જે થયું તે સમયનો તકાદો હતો અને તે આપણે સૌએ સ્વીકારવાનો રહ્યો પણ સમય પરિવર્તન થયો આપણે સૌ શિક્ષિત થયા, શું સારું ને શું નરશું તે સમજતા થયા, કયાં કેવી રીતે દોરવાયા તેનો ચિતાર આપણી સામે મોજુદ છે છતા આપણે હજી પણ અણસમજ, અજ્ઞાન અને અહંકાર વશ થઈ હજીપણ પરિવર્તનને નહી સ્વીકારીએ તો આવતી નવી પેઢી આપણને કદી માફ નહી કરે તેથી ભવિષ્યમાં આવનાર પેઢી આપણને દોષીત ઠરાવે તે પહેલા આપણે સૌ સાચા અને સનાતન એવા ધર્મની એક સૂત્રતતાની ગાંઠથી બંધાઈએ એ આપણી સમાજ માટે જરૂરી છે.

હવે આપણે લક્ષ્મીનારાયણ ધર્મ કેમ અપનાવ્યો તેના વિશે વિચારવિમર્શ કરીએ..

આપણી મોટી સમાજના પ. પુ. આદ્યસુધારક

નારાયણજી રામજી લીંબાણીનો સવંત ૧૯૩૯માં જન્મ થયો અને અભ્યાસ પૂર્ણ કરી પિતાના વ્યવસાય અર્થે મુંબઈ બિલ્ડીંગ કોન્ટ્રાકટરની લાઈનમાં જોડાઈ ગયા. એક વખત પચ્ચીસ વર્ષની ઉમરે તેમને લોહાણા તરફથી ઠપકો મળ્યો કે ' માડુ ખાસા અઈ પણ એનમે હેકડી ખોટ આય મરે તડે દટેતા અને પેણે તડે ધોવા પેયતા પણ કમજા ખાસા' આ કટાક્ષથી તેમને ભારોભાર ગ્લાની થઈ અને મને મુશલમાન કહ્યો. આ શબ્દો તેમને લાગી આવ્યા પરિણામે તેમને પિરાણા સાથે સંપર્કમાં રહી તેમની ગતીવિધીથી માહિતીગાર થઈ તેમને ૫૬૦ પેઝનું એક પુસ્તક પ્રકાશિત કરેલ તેમાં પિરાણા વિષેની આપણી સમાજને ગુમરાહ કરતી વિસ્તૃત માહિતીનો સત્ય પ્રચાર કર્યો અને અન્ય તરફથી સારો એવો સહકાર મળતા જનોઈઓ ધારણ કરી અને લાયબ્રેરીઓ સ્થાપી અને સતપંથીઓથી રોટી–બેટી વ્યવહાર પણ બંધ કર્યો. આ વ્યવહારથી અનેક સમસ્યાઓ આવીને ઉભી રહી પરસ્પર સંબંધોને કારણે ભાઈઓ ભાઈઓ અને સગાસબંધીઓ વચ્ચે અંતર વધવાના એંધાણ થતાં વિરાણી મોટીના વડીલોએ ફરી ગામ સભા બોલાવી.

આ સભામાં સબંધ રાખવા અને ન રાખવા વચ્ચે સતત વિવાદ થયો પણ તેમાંના એક વડીલે વચલો માર્ગ કાઢતા બોલ્યા વાંઢાય મધ્યે સંત ઓધવરામજી છે તેની સલાહ લઈએ અને તે આપણે જે કાઈ રસ્તો બતાવે તે આપણે સૌએ સ્વીકારીએ. આ બાબતમાં સો સહમત થયા અને ઠરાવ કરી ચાર વડીલોને આ જવાબદારી સોપવામાં આવી. આ ચારે વડીલો વાંઢાય જઈ ઓધવરામ મારાજને મળ્યા, ક્ષેમ કુશળતાના સમાચાર પુછી મારાજે આવવાનું પ્રયોજન પુછયું. અત્યારે ધર્મ બાબતે અમારી વચ્ચે થોડો મતભેદ ઉભો થયો છે. હવે સતપંથ ધર્મ સ્વીકારાય તેમ નથી તો તેમાં રહેવું પણ અસ્વીકાર્ય છે તો આપશ્રીના ચરણે આ બાબતે માર્ગદર્શન માટે આવેલ છીએ. ત્યારે ઓધવરામે કહ્યું કે મારા ગુરૂશ્રી લાલરામ દુધ પટેલ હતા તમણે પોતાની વ્યથા અંતિમ સમયે વ્યકત કરતાં કહ્યું હતું કે ઓધા તારામાં મને એક આશા છે કે મારી જ્ઞાતિ કે જે અત્યારે ધર્મથી વિચલીત થયેલ છે તેમને પાટે ચડાવાની જવાબદારી તને સોપું છું અને ગુરૂજીને શકય હશે તેટલા પ્રયાસ કરવા મે વચન આપેલ છે. ત્યારે આપ તો સામેથી આવેલ છો. થોડો વિચાર કરી કહેતા

મારાજે કહ્યું કે તમે લક્ષ્મીનારાયણ મંદિર બનાવો તેમાં જે આવે તે આપણા. આ સલાહ સાથે વડીલો વિરાણી આવ્યા. બીજે દિવસે ગ્રામસભા બોલાવી રજુઆત કરવામાં આવી અને આ પ્રસ્તાવ સૌએ સ્વીકારી લીધો. ફલ સ્વરૂપ લક્ષ્મીનારાયણ મંદિરનુ બાંધકામ શરૂ થયું. સમય જતાં મંદિર તૈયાર થયું અને જ્ઞાતિજનોમાં ૭૫ ટકા એક મત થઈ જતાં સૌએ લક્ષ્મીનારાયણ ધર્મ સ્વીકાર્યો. ઉપરોકત માહિતી શિવગણ કાનજી વેલાણી લુડવાવાળા પાસેથી એક નોટબુક કે જે તે સમયના ઠરાવ વખતની છે તેમાંથી મળેલ.

ભગવાનશ્રી લક્ષ્મીનારાયણ આમ તો ભગવાન વિષ્ણું, નિરાકાર વિષ્ણું, બ્રહ્મા તથા શિવ જગતના ત્રણ ગુણોથી વ્યાપ્ત છે અજન્મા એવા આ ત્રણેદેવને ગૃહસ્થી બનાવીને સાકાર સ્વરૂપે જગતે સ્વીકારી લીધા. આમ આપણી પાસે લક્ષ્મીનારાયણ અંગે કોઈ ઢોસ ગ્રંથ ન હોતા ઓધવરામજીએ સતપંથ આમતો અથરવેદને માને છે તો વેદ પ્રમાણે લક્ષ્મીનારાયણ પણ નિરાકાર છે તો ભૂલ્યા છે તો એક દિવસ સમજી આખરે એક થઈ જશે એમ વિચારેલ. પણ લક્ષ્મીનારાયણ ધર્મ

સ્વીકારવા બાદ કોઈપણ પ્રેરણાદાયક પથ પ્રદર્શક કે માર્ગદર્શક કે સમાજને એક સૂત્રતામાં બાંધી રાખનાર ન મળતા તેમાંના લોકો ધીરે ધીરે અલગ સંપ્રદાયમાં વિખરાવવા લાગ્યા. પરિણામે મૂળ લક્ષ્મીનારાયણ સાથે જોડાયેલ હોવા છતા અલગ અલગ વૈચારિક અને માન્યતાના આધારે જ્ઞાતિ અનેક સંપ્રદાયમાં વિખારાઈ જેવા કે સતપંથ, લક્ષ્મીનારાયણ, કબીરપંથ અને સ્વાધ્યાય પરિવાર વગેરે વગેરે....

આ પુસ્તકમાં અગાઉ ઉલ્લેખ કરી ગયા મુજબ ધર્મ પરિવર્તન દ્વારા જે વ્યવહારિક સબંધોમાં કેવી અડચણ અને કડવાહટ થયેલ તેનો જીવતો જાગતો કિસ્સો મારા જીવનમાં બનેલ તે નિચે મુજબ છે....

આ વાત સવંત ૧૯૮૪ની છે તે વખતે મારા માતાજી મને તેડી મારા મામાને ઘેર સિયોત આવેલ. તે દરમ્યાન અમારા ગામ વિથોણમાં પિરાણાની ગાદીપતિ રામજીકાકાની વેલ આવી એટલે ગામમાં સૌ પાસેથી સરબંધી ઉઘરાવવાનું ચાલું કર્યું. આખા ગામમાં સૌએ સરબંધી આપી પણ ગામના બે વ્યકિતએ સરબંધી ન

આપી તેમાંના એક વાલજી વસ્તા પોકાર અને બીજા મારા પિતાજી. આમ ગામના આગેવાનો ભેગા થયા અને સીરબંધી ન આપનારને સજા થવી જોઈએ નેવું નકકી કરવામાં આવ્યું. પરતું તે વખતે વાલજી વસ્તા પોકાર મુંબઈમાં બહુ મોટા ધંધાધારી હોતા તેમને દાદ ન આપી પણ મારા પિતાજી સ્થાનિક રહેતા હોવાથી તેમને કઈ રીતે દબાવીને સીરબંધી લેવી તેમની પેરવી સ્વરૂપે આગેવાનોએ એકત્ર થઈ અમો મામાને ઘેર ગયા હતા તેમને વિથોણ આવતાં રોકવા માટે એક પત્ર લખવામાં આવ્યો. જેમનું લખાણ નિચે મુજબનું હતું.

લી. વિથોણ ગામના અગ્રેસરો ગામ સિયોત મધ્યે નાનજી કાનજી લિંબાણીને માલુમ થાય કે તમારી બહેન તમારે ઘર આવેલ છે તેને તેના ઘરે વિથોણ ગામના આવેવાનો પરવાનગી ન આપે ત્યાં સુધી તેને ઘેર મુકશો નહિં. અને જો મુકશો તો નાતના ગુનેગાર ઠરશો. લી. વિથોણ ગામના અગ્રેસરો. આ ચીઠઠી વિથોણના સામા મુખીને આપી અને તેને સિયોત પહોંચાડી.

આ બાજુ આ બિનાથી અજાણ મારા પિતા સિયોત

ગામે અમોને તેડવા આવતા સિયોત ગામના સર્વે ભેગા થઈ વિથોણથી આવેલ પત્રની વાત કરી અને આગેવાનોની મંજુરી લઈ આવવા જણાવ્યું. હવે જો સીરબંધી અપાય તો જ વિથોણ તરફથી પરવાનગી મળે તેમ હોવા છતા મારા પિતાજી પોતાની વાતમાં અડગ રહ્યા. આદ્યસુધારક નારાયણબાપા સાથીદારો પૈકીના મારા પિતાએ અંત સુધી પોતાની વાતને વળગી રહેતા હું મારા પિતાથી ધર્મના કારણે વિખુટો પડી ગયો. આ બનાવના કારણે મને મનમાં એક પિરાણા પ્રત્યે સંશોધન કરવાની ખેવના બચપણથી અંદર ગુટાયા કરતી હતી. હવે દેવયોગે કુદરતનું કરવું તે મારી સગાઈ પણ પીરાણાના ગાદી પતિની સુપુત્રી સાથે થતાં ૧૬ વર્ષની ઉમરે મેં ગૃહસ્થાશ્રમ ધર્મ સ્વીકારર્યો.

સ્વાભાવિક છે કે પિરાણાના ગાદીપતિની દિકરી ઘરમાં હોય તો મને પિરાણે જવામાં સંકોચ ન થાય કારણ કે ગાદીપતિ કાકા સાહેબથી લોહીના સબંધ હતા. જે ધર્મના કારણે મારા પિતાનું ઘર બરબાદ થયું તે વિચાર સતત મારા મનમાં ગુમરાયા કરતો હતો પણ ધીરે ધીરે વસ્તુના મૂળ સુધી પહોંચવામાં મારી ધર્મપત્નિો ફાળો

અતિ મહત્વનો હતો એટલે ખરેખર હું તેમનો આભાર માનું તેટલો ઓછો છે.

પુનઃ હું મારા બાળપણના પ્રસંગ પર આવું તો પિતા સિરબંધી આપવામાં મચક ન આપતા અને મારે ભાગ્યે પિતાથી વિમુખા પડવું પડયું.. ધર્મના નામે પરિવારને આ રીતે ખંડીત કરતા ધર્મ પ્રત્યે મને સૂઘ વધી. આ બાજુ પિતાજી અમારાથી વિખુટા પડતાં અને નાતથી અળગા થયા બાદ ધંધા અર્થે કરાચી ગયા. આપણા ઘણા બધા લોકો ત્યાં રહેતા હતા અને ત્યાં પણ ધર્મની બાબતે ખૂબ જ ચળવળ ચાલતી હતી ત્યાં રહેતા આપણા પરિવારોની સાથે રણછોડરાય ચાલમાં રહેવા લાગ્યા. આમ રણછોડરાય ચાલ એવી અનેક ચાલો આજુબાજુમાં હતી. આ રણછોડરાય ચાલમાં મારા માસા તથા માસી પાસે વિસી જમતાં.

આ બાજુ મારા માતાજી પુનઃ લગ્ન કરી રવાપર ગામ ગયા અને જોગાનું જોગ આ પરિવાર પણ થોડા સમય બાદ કરાચી ધંધા અર્થે રહેવા ગયો અને રણછોડરાયની બાજુમાં જ બીજી ચાલમાં રહેવા લાગ્યા.

એક દિવસની વાત છે સવારના સમયે કુદરતી હાજત માટે મને ઉતર તરફની ડેલીએ બેસાડી પાણી ભરવા ગયા. આ સમય દરમ્યાન રણછોડરાય ચાલમાંથી ધાવડાના પોકાર વેલજી તેજા બહાર નિકળતા મારા પર તેની નઝર પડી એટલે બીજાને બોલાવી મને તરત ઉપાડી ગયા પરિણામે સામ–સામે બોલાચાલી થઈ પણ રણછોડરાય ચાલ સામે તેમનું કઈ ચાલ્યું નહિ. આમ માતાજી પક્ષે કોર્ટમાં કેશ દાખલ કર્યો. આમ કેશ થવાના કારણે હું કચ્છમાં આવી શકુ નહિં એટલે એ વખતે ચાલતી માંડવી – કરાચી દરિયાઈ રસ્તે દાદીમાને બોલાવી લીધા. સામ સામે પુત્રના દાવાની રજુઆતો સાંભળી કોર્ટ કયા પક્ષને સોપે આ ચુકાદો આપવામાં છ માસનો સમય ગાળો વિતી ગયો. મારી ઉંમર ત્રણ વર્ષ થઈ ત્યારે એક દિવસ કોર્ટમાં જજે (ન્યાધિશ) મને પોતાની સામે ઉભો રાખી પુછવામાં આવ્યું કે બાબા તારા પિતા કોણ છે ત્યારે મેં મારા પિતા તરફ જોઈ કહ્યું કે મારા બાપા આ છે એટલે ન્યાયાધિશે હુકમ કર્યો કે આ છોકરો લાલજીનો છે એટલે મારા પિતાજીને હવાલે કરવામાં આવ્યો. માતાજીથી વિખૂટા પડયાની જાણ હોવા છતા હું પ્રસન્નતા સાથે

દાદીમા સંગાથે કચ્છમાં આવ્યો. મારા પિતાજીએ તો પોતાની જીંદગી કરાચીમાં જ ગાળી. આ બાજુ દાદીમાએ દળણા દળી મને મોટો કર્યો. સાત વર્ષની ઉમરે લગ્ન પછી ત્રણ ધોરણ સુધી ભણી અગીયાર વર્ષે હોટલમાં કામે લાગ્યો. ચાર વર્ષ નોકરી કરી ત્યાં પંદર વરસની ઉમરે દાદીમાએ વિદાય લીધી. હું સાવ નિરાધાર અવસ્થામાં બે વર્ષ ત્રણે કાકાના ઘેર વારામાં એક એક મહિનાનો ગોળ અને ઘી જુદા રાખવા અને મહીને એક સહી અનાજ મળતા બે વર્ષ વિતાવ્યા.

સોળ વર્ષની ઉંમરે હું નવેસરથી ગૃહસ્થી બન્યો. મારા આ અસાહય અને અટુલી જીંદગીમાં જીવનસાથી મળતાં તેમના સહકાર દ્વારા મારું જીવન સુખમય બનવા લાગ્યું. વિધીની વક્રતા તો જોવા જેવી કે જે ધર્મના કારણે એક ભર્યું ભાદર્યું ઘર પંખીના માળાની જેમ પીંખાઈ ગયું તો તેજ ધર્મના ગાદિપતિની દીકરીએ આવીને પુનઃ મારા જીવતરને સુધારી નાખ્યું.

સદા સમય એક સરખો ન હોય, તેમ જે અસત્ય હોય તે જાજુ ટકતું નથી તેમ જે તે સમયે વલીમીયા દ્વારા

કૂળકપટથી આપણને ભોળવી ગુમરાહ કરવાનો પ્રયાસ થયો તેમાં કદાચ ટૂંકા ગાળા માટે સફળ થયા હોય તો પણ હવે આપણે જયારે આપણી પાસે પીરાણામાંથી મળેલ વેદના પુસ્તકો અને તે સમયમાં ઈરાનશાહના ઈતિહાસના મળતા પુરાવાને નઝર સમક્ષ રાખી વિવેક સાથે અભ્યાસ કરતાં ગાદિપતિ કાકા કરશન દ્વારા કરવામાં આવેલ પ્રશંસનિય સુધારા સમજવા તથા અપનાવવાના પ્રયાસો કરવાના છે અને હજી બાકી રહી ગયેલા સુધારાનો અમલ કરી આ યજ્ઞ કાર્યમાં પોતાની આહુતી આપી તેમને સાચી શ્રદ્ધાજંલી આપવાનું શ્રેય પ્રાપ્ત કરીએ તો આપણું જીવન સાર્થક થયું ગણાશે.

શંકરાચાર્યની ઉપાધીથી નવાઝવામાં આવેલા કરશન કાકાને સત્ય સમજાતા ક્રમશઃ જે સુધારા કર્યા અને તેમના આ ભગીરથ કાર્યની ફલશ્રુતિ સ્વરૂપે ધર્મસભા વખતે દાસની ઉપમા પણ દેશના મઠાધિશો અને શંકરાચાર્યો તરફથી આપવામાં આવી એ [illegible] આપણા માટે ગૌરવની વાત કહેવાય.

પુનઃ એક વખત આ સંશોધનનું શ્રેય જેમના ફાળે

જાય એવા મુરબી વડીલ શ્રી પ્રેમજીબાપાને છવીસ વર્ષ પછી મળવાની તલપ જાગતાં ૨૦૦૪ના તેમના દર્શન કરવાની ઈચ્છાથી પ્રેરાઈ અમો આઠ જણ અમરગઢ આશ્રમે ગયા. જયાં બાપા બેઠા હતો નત મસ્તકે ખોળામાં માથુ નમાવતા તેને મારી પીઠ થાબડી. બાપાને પુછયું કે 'બાપા ઓળખો છો ?' અવસ્થાના કારણે ઓળખી ન શકતા બાપાને અમદાવાદ મંગલપાર્કમાં આપેલ વેદની વાત કરતા તરત જ નામ સાથે ઓળખતા હરિપુરાવાળા રતનશીભાઈને... ભૂતકાળમાં આપેલા જાણકારીને કારણે આ સફરમાં હું આટલે સુધી આગળ વધી શકયો તેનો આભાર માનવા આપની પાસે આવેલ છું.

પુનઃ મારા જ્ઞાતિબંધુઓને વિનંતી કરૂં કે ૧૯૯૫માં કરશનકાકાએ દસમા વાર્ષિક ઉત્સવની ઉજવણી વખતે પોતાના પ્રવચનમાં ધર્મ બાબતે અગાઉ થયેલ ભૂલોનો સ્વીકાર કરી તેમાં વ્યાપક સુધારા કર્યા અને હજી સુધારા કરવાના બાકી છે તે ક્રમશઃ કરવામાં આવશે. આ સભાનું સંચાલન કરતાં અવિચલદાસજી દ્વારા કરશનકાકાએ કરેલા સુધારાને સૌએ આવકારવા તથા જે નવા સુધારા કરવામાં આવે તેને સ્વીકારવા માટે અપીલ કરેલ.

પીરાણામાંથી મળેલ વેદના પુસ્તકોનો અભ્યાસ કરી આપણા વડીલો જે અથરવેદ બ્રાહ્મણ સતપંથ ધર્મ પાળતા તેને વાંચીને આપણે આપણા વડવાઓ જે ધર્મ પાળતા હતા તે ધર્મ પાળવામાં શું વાંધો છે.

શ્રી અખિલ વિશ્વ સતપંથી ધર્મિય સંઘ – કોલકતા દ્વારા પુસ્તક 'પંચમ વેદ' છપાવેલ. બિરેનરોય, કોલકતા –૭૦૦ ૦૬૧ પ્રથમ આવૃતિ તા. ૨૫. ૬. ૨૦૦૧ ના નકલ ૧૦૦૦ પ્રકાશિત કરેલ તેમાં કરશન કાકા ઉર્ફે કરીમ કાકાએ સૈયદોના લાગા લગમ રદ કર્યા તે સારું નથી કર્યું કારણ સમય સમય બળવાન હે નહિ પુરૂષ બળવાન કહેવત પ્રમાણે બલીનો બકરો કુરબાની નકકી છે મોત અવધારીત છે છતાં ઓકસીઝન ચડાવવું પડે છે બકરેકી કતલ ખૈય મનાયેગી. એકીદન તો વધ હોના હી હોગા. કરશન કાકાનું સંત સંમેલન પછી તરત જ અવસાન થયું બકરે કા વધ હો ગયા. કોઈને આ જાણવું હોય કે વાંચવું હોય તો આવજો મારી પાસે પંચમ વેદ ભાગ–૭ના પાના નં. ૨૬ અને ૨૭ પર છે. બીજુ તો આવું અનેક ગણું લખેલ છે પણ લખવામાં મારી કલમ સાથ નથી આપતી એટલી હદે ખરાબ લખેલ છે. એજ...

– સંકલન અને પ્રકાશક –

શ્રી રતનશીભાઈ લાલજી હળપાણી

– પ્રથમ આવૃતિ –

સં. ૨૦૬૩ તા. ૦૧-૧૦-૨૦૦૭

– નકલ –

૧૦૦૦

– ગ્રાફીકસ –

એચ. ડી. ભગત

– મુદ્રક –

ઉમિયા પ્રિન્ટર્સ, ભુજ

મૂલ્ય : રૂા. ૨૦/–







હે....
કુળદેવી ઉમિયા માતા,
શકિતના રૂપે
આત્મબળ આપો,
લક્ષ્મીના રૂપે સુખ શાંતિ
અને સમૃદ્ધિ આપો,
સરસ્વતીના રૂપે
સદ્‌બુદ્ધિ, સદ્‌વિચારો
અને
સદ્‌આચરણ આપો,
અને માતાના રૂપે આશીર્વાદ આપો
હે.... મા..... અમારી
ભૂલચૂક થઈ હોય તો ક્ષમા કરો,
અમે તો આપના બાળ છીએ....